# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૭૫. પૂ. પ્રમીલાબેન સાકરિયા (પમીબેન)

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. દિવાળીબેન |
| પિતાનું નામ | : | પૂ. વલ્લભદાસભાઇ |
| ભાઇ | : | પૂ. હરીશભાઇ, પૂ. હિંમતસ્વામી |
| બહેન | : | પૂ. નિર્મળાબેન (નીમુબેન), પૂ. ભાનુબેન પૂ. લીલાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | લુવાણા |
| અભ્યાસ | : | મેટ્રીક |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૪-૦૬-૧૯૭૧ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૭-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૮ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : સંબંધે સ્વરૂપ માનવા.**

પૂ.પમીબેનનો જન્મ સત્સંગી કુટુંબમાં જ થયો. તેમના મોટા બેન નીમુબેન તો ૧૯૬૬માં વિદ્યાનગર ભગવાન ભજવા આવી ગયાં હતાં. તેમના ભાઈ હરિશભાઈએ ૧૯૮૦માં ઈંગલેન્ડમાં પોતાનું ઘર જ્યોતને સમર્પિત કરી દીધું છે જ્યાં સૌ પ્રથમ જ્યોત સ્થપાઈ અને બહેનોએ ત્યાં રહી ભગવાન ભજવા માટેની શરૂઆત કરી. પમીબેનને ગળથૂથીમાં જ આ સત્સંગ મળ્યો. પ.પૂ. બેનનો

જોગ તો હતો જ. ઘરમાં જ મંદિર હતું એટલે સવારથી સાંજ સુધી નિત્ય નિયમ કરવાનો. હરિભક્તો સભા, ધૂન, ભજન કરવા આવે. બેન પણ થોડા થોડા વખતે પધારતાં. તેમની દ્રષ્ટિથી ભગવાન ભજવાનું મન થયું.

૧૯૬૬માં નીમુબેન ભગવાન ભજવા ભારત આવ્યા ત્યાર પછી તેમને પણ થયું કે મારે પણ ભગવાન ભજવા છે એટલે બેનના વચને ધૂન – ભજન કરે. બેનને પત્ર પણ લખે ને બેન પણ તેઓને પત્રથી સાધનાની સૂઝ આપે. ૧૯૬૮માં તેમના બા-બાપુજી અહીં વિદ્યાનગર રહેવા આવી ગયા હતાં. એટલે પમીબેન આફ્રિકામાં એક સત્સંગીને ત્યાં પેઇંગ ગેસ્ટ તરીકે રહ્યાં ને ભણ્યાં. ત્યારે અંતરમાં એમને એવું જ રહે કે મારે બા – બાપુજીની આબરૂ રાખવી છે ને તેમને મદદરૂપ થવાનો પ્રયત્ન કરવો છે. ૧૯૬૯માં પ.પૂ. બેન, પૂ. દેવીબેન આફ્રિકા - યુગાન્ડા આવ્યા ત્યારે પ્રથમવાર દેવીબેનના દર્શન કર્યાં ને થઇ ગયું કે બસ જીવનમાં જે જોઈએ છે તે મળી ગયું. આમ જીવનમાં ગુરૂ દેવીબેન મળ્યાં.

૧૯૭૦માં પમીબેને બેનને કહ્યું કે, 'બેન, મારે તો ભગવાન જ ભજવા છે.' એટલે ધીરૂકાકા ને કાકી તેમને વિદ્યાનગર લઈને આવ્યા. ત્યારે તેમના બા-બાપુજી વિદ્યાનગર વેસ્ટર્ન રેલ્વેમાં રહેતા હતા. એટલે તેમને કહ્યું કે, 'તારે બા–બાપુજી સાથે રહેવાનું છે.' આ સાંભળી તેઓએ ખૂબ ભજન કર્યું ને જ્યોતમાં રહેવા મળ્યું. પૂ. દીદીએ કહ્યું, 'તારે દેવીબેનની રૂમમાં રહેવાનું છે.' ત્યાં રહ્યાં ને જ્યોતની રીત ધર્મિષ્ઠાબેને શીખવાડી ને દેવીબેનની સેવા સાથે સફાઈની સેવા પણ કરી. ૧૯૭૦માં જ કાષાંબરી દીક્ષા ગુરૂહરિ પપ્પાજીએ આપી. ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લીધું.

તેમના મનમાં હંમેશા એવું થાય કે હું જે કાંઇ કરું તેમાં પપ્પાજીની ને દેવીબેનની શાન વધારવી છે. એક વખત તેમને અંતરમાં કંઈક ચાલતું હતું, સાંજે ૪:૦૦ વાગે દેવીબેનની રૂમમાં ગયાં. દેવીબેન ધ્યાન કરતાં હતાં. પમીબેન પણ એમની સામે બેસી દર્શન – પ્રાર્થના કરતાં હતાં. દેવીબેને આંખ ખોલી તેમની સામે જોયું. એ પળથી ખબર નહીં એમની અંદરમાં જે કંઇ ચાલતું હતું તે શમી ગયું ને શાંતિ શાંતિ થઇ ગઇ. ત્યાર પછી ક્યારેય એમનું અંતર ઝાંખુ પડ્યું હોય એવું અનુભવાયું નથી એ દેવીબેનની દ્રષ્ટિનો પ્રતાપ છે.

પપ્પાજીએ ઓફિસની સેવા સોંપી તેમાં વિધવિધ મુક્તો સાથે સેવા કરી. દેવીબેને પપ્પાજીની સેવા સોંપી. તારાબેને પમીબેનને કહ્યું, 'પમી, તારે મારી સાથે રોજ રાત્રે જ્યોત બંધ કરવા આવવાનું.' અને તેઓએ આ સેવા પણ ખૂબ જ જવાબદારીથી કરી. ૨૦૦૨માં પપ્પાજીની તબિયત સારી ન રહેતી હોવાથી દીદીએ તેમને નાઈટ કરવાની સેવા સોંપી. આમ બધા જ ગુરૂઓએ સોંપેલી સેવા તેમની રીતે કરી પ્રસન્નતાનું પાત્ર બન્યાં.

અત્યારે ગ્રુપની, સમાજની જવાબદારી દેવીબેનના દાસ તરીકે રાજી કરવાની ભાવનાથી કરે છે. હનુમાનજી જેવો દાસત્વભાવ તેમનામાં જોવા મળે. માન – અપમાનની તો તેમને પડી જ નથી. સેવા ને પપ્પાજી તથા દેવીબેન તરફ જ તેમનું લક્ષ્ય છે. તેઓ દેવીબેનનાં એટલા વિશ્વાસુ બની ગયાં કે દેવીબેન તેમને વઢી કે ટોકી પણ શકે છતાં દેવીબેનની મૂર્તિમાં લય ને લીન રહે.

આવા પમીબેનને સહુ સાધકોના ભાવે પ્રણામ !!!



## ૭૬. પૂ. ઉર્વશીબેન ઠક્કર (ભારતીબેન)

| | |
|---|---|
| માતાનું નામ | : પૂ. શાંતાબેન |
| પિતાનું નામ | : પૂ. નારણદાસભાઇ |
| ભાઇ | : પૂ. ચંદ્રકાંતભાઇ |
| બહેન | : પૂ. રમાબેન, પૂ.કોકિલાબેન, પૂ.સાવિત્રીબેન |
| મૂળ ધર્મ | : સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : લુવાણા |
| અભ્યાસ | : ધોરણ ૭ |
| ભગવાનની અનુભૂતિ | : ૨૫-૦૬-૧૯૭૦ |
| વ્રતધારણ દિન | : ૦૧-૦૭-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : ૬૯ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઈ સેવા કરવી ને દિવ્યભાવ રાખી ખમવું.**

પૂ. ભારતીબેન નાના હતા ત્યારે તેમના મમ્મી સાથે તારદેવ ગયાં હતાં. તેમના હાથમાં લાલ ગુલાબની કલગી હતી. પ.પૂ.પપ્પાજી પ.પૂ.કાકાશ્રીની રૂમમાં આરામ કરતા હતા. પપ્પાજીની આંખો બંધ હતી. પપ્પાજીએ એકદમ આંખો ખોલી તેમના મમ્મીએ કહ્યું, 'તારે પપ્પાજીને ગુલાબના ફૂલ આપવા છે ને ! તો આપી દે.' ભારતીબેને ફૂલ આપ્યા. પપ્પાજીએ તેમનો હાથ પકડી રાખ્યો. એક ફૂલ હાથમાં પકડી રાખ્યું ને કહે, 'બોલ ભગવાન ભજીશ ?' ભારતીબેને હા કે ના નો

જવાબ ન આપ્યો. પપ્પાજીએ બીજી વખત પૂછ્યું ત્યારે તેમણે ડોકી હલાવીને હા પાડી. પપ્પાજીએ ત્રીજી વખત પૂછ્યું, તેમણે કહ્યું, 'હા ભગવાન ભજીશ.' ત્યારે જ ફૂલ ગ્રહણ કર્યું ને હાથ છોડ્યો. આ તે કેવી કૃપા !

૧૯૬૩ની સાલમાં ભારતીબેન ૧૦ વર્ષના હતાં. તેમને ફરવાનો ખૂબ શોખ. પપ્પાજી અને બહેનો ગણેશપુરી શિબિરમાં જતાં હતાં ત્યારે ભારતીબેન તેમના મમ્મી સાથે તારદેવ ગયાં હતાં. પપ્પાજી કહે, 'ભારતી ચાલ ફરવા આવવું છે ને ?' પછી તેમના મમ્મીને કહે, 'હું ભારતીને આજે મારી સાથે લઇ જાઉં છું, તમે કાલે તેના કપડાં ને બધું લઇ ને આવજો.' આમ, કૃપામાં ફરવાનો શોખ પૂરો થયો. તેવી જ રીતે તેમને પિક્ચર જોવાનો પણ ખૂબ જ શોખ હતો. તેમને પૂ. હંસાદીદી સાથે આત્મીયતા થઇ ગઇ હતી. એક દિવસ દીદીએ તેમને કહ્યું, 'ભારતી ! તારે જેટલા પિક્ચર જોવા હોય તેટલા જોજે પણ આવીને મને પિક્ચરની બધી સ્ટોરી કહી દેવાની.' આમ ભારતીબેને ખૂબ રસપૂર્વક પિક્ચર જોયા. સ્ટોરી દીદીને તારદેવ જઇને કહી પણ દે ને સ્ટોરી કીધા પછી બધું જ ભૂલી જાય. આ કેવી કમાલ ! કેવો દીદીનો સંકલ્પ ! આમ દિવસના ત્રણ – ત્રણ પિક્ચર જોવડાવીને પિક્ચરનો શોખ કાઢ્યો. આ પણ કેવી કૃપા !!

ભારતીબેન વિદ્યાનગર ભગવાન ભજવા કાયમ માટે આવવાના હતા. જ્યોતિબેન અને દીદી તેમને લેવા મુંબઇ ગયાં હતાં. તેમના ભાભીના ભારતીબેન ખૂબ લાડકા હતાં. તેથી તેમને ભારતીબેન ભગવાન ભજવા જાય તે પસંદ ન હતું. તેથી તેમણે પકડી રાખ્યું ને ત્યાં સુધી વિદ્યાનગર આવવાની ટિકિટ જ ન મળે. વડીલ નિષ્ઠાવાન પોપટભાઇએ તેમના ભાભીને સમજાવ્યા કે, 'એક વખત ભારતીને જવા દો પછી હું તેને પાછી લઇ આવીશ.' ને તેના ભાભીથી હા પડાઇ ગઇ ને તરત ટિકિટ મળી ગઇ. વિદાય સમારંભ કરીને વિદ્યાનગર આવતાં ટ્રેનમાં દીદીએ કહ્યું કે, પપ્પાજીએ કહ્યું છે કે ભારતી સબોબેનનો સમાગમ કરશે ?' ભારતીબેને હા પાડી દીધી ને પપ્પાજી ખૂબ રાજી થઇ ગયા. ને ૧૯૭૦ના રોજ ગુરૂહરિ પપ્પાજીએ દ્રષ્ટારૂપે જીવમાં સ્થાન લીધું ને કાષાંબરી દીક્ષા આપી. સફાઇ, રસોડું, મંદિર, લોન્ડ્રી, રોટલી – ચોપડા, રેકોર્ડીંગ, પ્રતિતી જેવી બધી જ ટુકડીમાં સેવા કરી સ્વરૂપોનો રાજીપો લીધો છે.

એક વખત તેઓ બિમાર હતાં ને મનથી મૂંઝાયેલા હતાં. ભજન કરતાં હતાં તો પપ્પાજીએ સબોબેનને એક ગુલાબનું પુષ્પ આપ્યું ને કહ્યું કે, 'ભારતીને આપજો અને કહેજો કે આ પુષ્પ ખાઈ જાય.' ને ત્યારથી તન અને મન બંને સાજાં થઈ ગયાં. એવું જ એક વખત મૂંઝવણમાં દીદીએ તેમને જપયજ્ઞના હોલમાં પાંચ પ્રદક્ષિણા ફરવાનું કહ્યું. ને હજુ તો જપયજ્ઞના હોલમાં પહોંચ્યાં ત્યાં જ તેમને શાંતિ થઈ ગઈ અને હલકાં થઈ ગયાં. જ્યોતનાં બહેનોની આબુમાં શિબિર હતી ત્યારે ગુરૂશિખર દર્શન કરવા ગયા ત્યારે કોઈ બહારની વ્યક્તિનો ધક્કો લાગતાં ભારતીબેન ગબડી ગયાં. બહેનોથી ભજન થઈ ગયું ને એક મોટા પથ્થરની આડે અટકી ગયા નહીં તો ભારતીબેન ખીણમાં પડી જાત. ને પથ્થરની આગળ જ્યોતિબેન અને દયાબેન ચાલતાં હતાં તેઓએ ભારતીબેનને જોયા ને પપ્પાજી પાસે લઈ ગયા પપ્પાજીએ કહ્યું કે, 'આને નાળિયેર પાણી પીવડાવો.' ને ભારતીબેનને સારું થઈ ગયું.

ગરમીનો સમય હતો તેથી ઠંડક માટે બહેનો આગળ ચાલ્યા ત્યાં પાણીનો રેંટ આવ્યો. બધા રેંટ ફેરવતાં હતાં. તેમાં તેમની આંગળી આવી ગઈ. ખૂબ લોહી નીકળ્યું. પપ્પાજીએ ડો. વીણાબેનને કહ્યું કે, 'ભારતીને બીજા ડોક્ટર પાસે નથી લઈ જવી પણ તું જ ટાંકા લઈ દે.' વીણાબેને ટાંકા લીધા. પપ્પાજીએ મણિબેનને કહ્યું કે, 'આ ટાંકા લેવાય જાય પછી તેને શીરો બનાવીને ખવડાવજે.' ને પપ્પાજી પોઢી ગયા. સાંજે બધા જ સદ્‌ગુરૂ સ્વરૂપોને પપ્પાજીએ ભેગા કર્યા ને કહ્યું કે, 'આજે સવારથી આ ભારતીની પાછળ કાળ ભમતો હતો પણ દ્રષ્ટાવાળાને લઈ જવાની તેની દેન છે ?' આમ, પપ્પાજીએ કાળને ધકેલીને રક્ષા કરી.

અત્યારે તેમની તબિયત સારી રહેતી નથી છતાં પણ સબોબેનની રૂચિ પ્રમાણે તેમના સમાજની સેવા કરે છે ને દરવાજો સાચવવાની સેવા ઘણાં વર્ષો કરી છે. વર્તનથી ગુરૂ અને ગુરૂહરિનું ખૂબ શોભાડે છે. એવા ભારતીબેનને અમ સહુ સાધકોની પ્રેમવંદના !!!